પૂર્વછાયો- અનુપમ ઈડર દેશમાં, ધન્ય ધન્ય ટોડલા ગામ ।
ધન્ય ધન્ય દ્વિજની જાતિને, જ્યાં ઉપન્યા ભક્ત અકામ ॥૧॥
યોગી પૂર્વ જન્મના, જેને વાલા સંગે અતિ વાલ ।
પ્રભુ સંગાથે પ્રકટ્યા, ખરા ભક્ત નામ ખુશાલ ॥૨॥
શમ દમાદિ સાધને, પૂરા તપસી ત્યાગી તન ।
જાણે યોગ અષ્ટાંગને, પૂરણસિદ્ધ પાવન ॥૩॥
બાળપણામાં વાત બીજી, રુચિ નહિ જેને રંચ ।
અતિ અભાવ અંગ વરતે, પેખીને વિષય પંચ ॥૪॥

ચોપાઇ- એવા ભક્ત તે ખરા ખુશાલ, જેને ન ગમી સંસારી ચાલ્ય ।
બાળપણામાં રાચ્યાં ભજને, બીજું કાંઇ ગમ્યું નહિ મને ॥૫॥
એમ કરતાં થયો સતસંગ, ચડ્યો અતિ ચિત્તે તેનો રંગ ।
આવી અંગમાં ખરી ખુમારી, ઉતરે નહિ કેની ઉતારી ॥૬॥
કરે ધ્યાન મહારાજનું નિત્ય, અતિ પ્રકટ પ્રભુમાં પ્રીત્ય ।
એમ કરતાં કાંઇક દન, થયો પ્રકાશ પોતાને તન ॥૭॥
કોટિકોટિ સૂરજ સમાન, છાયો તેજે જમિ અસમાન ।
તેમાં કડાકા થયા છે ત્રણ, માન્યું લોકે આવ્યું આજ મરણ ॥૮॥
આતો પ્રલય થવાની પેર, એમ કહેવા લાગ્યા ઘેરઘેર ।

તેહ કડાકા ને તેજ તેહ, ષટ જોજને જણાયું એહ ॥૯॥
જોઈ આશ્ચર્ય પામિયાં લોક, વધ્યો આનંદ થયાં અશોક ।
તે પ્રતાપ શ્રીમહારાજ તણો, શું કહીએ મુખથી ઘણોઘણો ॥૧૦॥
વળી એક દિવસની વાત, કહું વર્ણવી વળી વિખ્યાત ।
કરતા ભજન મહારાજ તણું, તનભાન ભૂલ્યા છે આપણું ॥૧૧॥
થઈ નિરાવરણ નિજવૃત્તિ, દીઠા રાત્યમાં રાંદલપતિ ।
થયો તેનો અતિશે પ્રકાશ, હુવો અંતર તમનો નાશ ॥૧૨॥
તે પણ પ્રભુતણો પરતાપ, એમ ખુશાલે માન્યું છે આપ ।
પછી જેવું ચિંતવે જે વારે, થાય તેવાનું તેવુંજ ત્યારે ॥૧૩॥
તેતો જાણે લોક પરસિધ્ધ, કહે આતો મહા મોટા સિદ્ધ ।
એમ જને મન જ્યારે જાણ્યું, તેવા સમામાં વર્ષાતે તાણ્યું ॥૧૪॥
ત્યારે સર્વે આવી લાગ્યા પાય, કહે કરો વૃષ્ટિ દુઃખ જાય ।
મનુષ્ય પશુ પિડાય અત્યંત, આવ્યા અરજે અમે પિડાવંત ॥૧૫॥
માટે મોટા કરો તમે મહેર, કરો વર્ષાત તો જાયે ઘેર ।
એવી સાંભળી લોકની વાણી, સમર્યા ખુશાલે સારંગપાણી ॥૧૬॥
કરે સ્તવન મનના દયાળ, આવ્યો વર્ષાત ત્યાં તતકાળ ।
વુઠો ત્રણ દનલગી તેહ, કાળા ઉનાળા જેવામાં મેહ ॥૧૭॥
લોક આવી લાગ્યાં પછી પાય, કહે ધન્ય ધન્ય દ્વિજરાય ।
તમજેવો નહિ જગમાંય, તમારે સહજાનંદ સહાય ॥૧૮॥
માન્યો પરચો મનુષ્યે મળી, **વળી** વાત બીજી લ્યો સાંભળી ।
પોત્યે પંડ્યા થૈ માંડી નિશાળ, આવ્યાંતાં ભણવા નાનાં બાળ ॥૧૯॥
તેને ભણાવે છે થોડું ઘણું, કરાવે ભજન હરિતણું ।
કરતાં બાળક સ્વામીનું ધ્યાન, સર્વે થયાં છે સમાધિવાન ॥૨૦॥
કરે અલૌકિક આવી વાત, સુણી સહુ થયા રળિયાત ।
પછી ખુશાલ કહે સુણો બાળ, મારે જાવું જ્યાં હોય દયાળ ॥૨૧॥
ત્યારે બાળકે જોડિયા હાથ, તમને તેડવા આવે છે નાથ ।
ધરી દ્વિજનું રૂપ મહારાજ, તેતો આવે છે તમારે કાજ ॥૨૨॥

પછી આવ્યા નાથ સાથે ચાલ્યા, વાટે અન્ન જળ વાલે આલ્યાં ।
આવ્યા જેતલપુર લગી સાથ, પછી અદ્રશ્ય થયા છે નાથ ॥૨૩॥
હતા જેતલપુરમાં સ્વામી, નિરખ્યા ખુશાલે અંતરજામી ।
કહી વાટની વાત ખુશાલે, હસિ સાંભળી સરવે વાલે ॥૨૪॥
કહે નાથ બ્રાહ્મણને ભાળી, ભાઈ તું છો મોટો ભાગ્યશાળી ।
થયો પરચો તને એ જાણ્ય, બીજી વાત મનમાં મ આણ્ય ॥૨૫॥
ત્યારે બ્રાહ્મણ કહે મહારાજ, હુંતો આવ્યો છું ભણવાકાજ ।
ત્યારે નાથ કહે ઘણું સારું, એમાં ગમતું ઘણું અમારું ॥૨૬॥
પછી ખુશાલ સંતમાં રહ્યા, **એક** સમે વડોદરે ગયા ।
તિયાં સતસંગી રહે બહુ, કરે સ્વામીનું ભજન સહુ ॥૨૭॥
એક દ્વિજ સદાશિવ નામે, નિત્ય ખુશાલને કરભામે ।
આવી નિત્ય જમો મારે ઘેર, મારે છે શ્રી મહારાજની મહેર ॥૨૮॥
જીયાં લગી રહો તમે આંઈ, બીજે જમવા ન જાવું ક્યાંઈ ।
પછી ખુશાલ જમવા ગયા, આવ્યા નાથ જમવાને તિયાં ॥૨૯॥
ત્યારે સદાશિવ લાવ્યો પાય, નિરખી નાથને તૃપ્ત ન થાય ।
પછી સુંદર કરાવ્યો થાળ, જમ્યા દયા કરીને દયાળ ॥૩૦॥
સદાશિવ વળી એની નાર, દેખે બીજા ન દેખે લગાર ।
પણ જમતાં જાણે સહુ જન, થાય અર્ધું જે હોય ભોજન ॥૩૧॥
શાક પાક ધર્યું હોય થાળે, થાય ઓછું તે સર્વે ભાળે ।
જળનો જે હોય આબખોરો, પિવે નાથ તે થાય અધૂરો ॥૩૨॥
હોય મુખવાસ આગે મેલ્યો, આપે નાથ તે પાછો જમેલો ।
આપે જમેલ પછી સોપારી, જોઈ આશ્ચર્ય થાય નરનારી ॥૩૩॥
એમ માસ લગી અહોનિશ, જમ્યા હરિ ખુશાલ હમેશ ।
જ્યારે જ્યારે જમે જ્યાં ખુશાલ, ત્યારે ત્યારે જમે સંગે લાલ ॥૩૪॥
જમે જન હાથે નાથ નિત્યે, તેતો ખુશાલ ભક્તની પ્રીત્યે ।
એમ ખુશાલ વિપ્રને વળી, પૂર્યા પર્ચા બહુ નાથ મળી ॥૩૫॥
હતા આપે તે વૈરાગ્યવંત, સંસારથી ઉદાસી અત્યંત ।

પછી ધાર્યો છે ધાર્મિક યોગ, તજી ભવતણા વઈભોગ ॥૩૬॥
ધર્યું નામ તે ગોપાળાનંદ, થયા યોગેશ્વર જગવંદ ।
ફરે દયાળુ સરવે દેશ, આપે મુમુક્ષુને ઉપદેશ ॥૩૭॥
કર્યા મહારાજે મોટેરા બહુ, માને મોટા મુનિવર સહુ ।
એક દિવસ લઈ મંડળી, આવ્યા વડોદરામાંહિ વળી ॥૩૮॥
તિયાં સત્સંગી આવ્યા સાંભળી, લાગ્યા પાય સહુ લળીલળી ।
મોટાં ભાગ્ય જાય નહિ કહીએ, આવ્યા તમે અષ્ટમી સમૈયે ॥૩૯॥
કરો ઉત્સવ આણી હુલાસ, બાંધો હિંડોળો કહે એમ દાસ ।
ત્યારે ગોપાળ સ્વામી કહે સારું, કરશે હરિ ગમતું તમારું ॥૪૦॥
ત્યાંતો આવ્યો અષ્ટમીનો દન, કર્યું વ્રત સહુ મળી જન ।
બાંધ્યો હિંડોળો હરિને કાજ, આવી ઝુલ્યા પ્રકટ મહારાજ ॥૪૧॥
સારી સુંદર મૂરતિ શોભે, જોઈજોઈ જન મન લોભે ।
નિરખી હરખિયા સહુ જન, કરે સહુ સાથ ધન્યધન્ય ॥૪૨॥
આજ અલૌકિક દર્શન દીધાં, તમે અમને કૃતાર્થ કીધાં ।
તિયાં સત્સંગી કુસંગી હતા, દિઠા પ્રકટ સહુએ ઝુલતા ॥૪૩॥
ઝુલ્યા હિડોળે ઘડી બે ચ્યાર, પછી ન દીઠા તે નિરધાર ।
સહુ રહ્યાં છે આશ્ચર્ય પામી, કહે ધન્ય સહજાનંદ સ્વામી ॥૪૪॥
આપ્યો પરચો પ્રભુજી આપે, સ્વામી ગોપાળાનંદને પ્રતાપે ।
વળી ગોપાળાનંદ સ્વામીને, પૂર્યો પરચો કહું કરભામિને ॥૪૫॥
એક સમે નાવે વરસાત, મરે મનુષ્ય થાય ઉતપાત ।
શોધ્યે શહેરમાં ન મળે અન્ન, પડ્યો કાળ કહે સહુ જન ॥૪૬॥
પછી સત્સંગી સર્વે મળી, આવ્યા જયાં હતી મુનિમંડળી ।
બેઠા ગોપાળ સ્વામીને પાસ, કહે નથી જીવવાની આશ ॥૪૭॥
મરે શહેરમાં મનુષ્ય બહુ, અન્ન વિના પીડાય છે સહુ ।
દેતાં દામ મળે નહિ અન્ન, કહો કેમ કરી જીવે જન ॥૪૮॥
માટે સ્તુતિ પ્રભુ પાસે કરીએ, થાય મેઘ તો અમે ઉગરીએ ।
કહે ગોપાળસ્વામી દયાળ, કરો ભજન સર્વે મરાળ ॥૪૯॥

બેઠા ભજને ઘડી બે ચ્યાર, આવ્યો મેઘ થયો જેજે કાર ।
વુઠો ત્રણ્ય દનલગી ઘન, કાળા ઉનાળામાં રાતદન ॥૫૦॥
સતસંગી કુસંગીએ જાણ્યું, થયો પરચો સહુએ પ્રમાણ્યું ।
લાગ્યા ગોપાળસ્વામીને પાય, ધન્ય ધન્ય તમે મુનિરાય ॥૫૧॥
બોલ્યા ગોપાળસ્વામી તે પ્રત્યે, જે થયું તે શ્રીજીની સામર્થ્યે ।
બીજા થકી તે કાંઈ ન થાય, ઠાલો ભૂલો ફોગટ ફુલાય ॥૫૨॥
એમ પરચા હું કેટલા કહું, થયા ગોપાળસ્વામીને બહુ ।
કહેતાં લખતાં ન આવે પાર, કહે નિષ્કુળાનંદ નિરધાર ॥૫૩॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્તચિંતામણીમધ્યે શ્રીજી મહારાજે ગોપાળાનંદ સ્વામીને પરચા પૂર્યા એ નામે એકસો ને બેતાળીસમું પ્રકરણમ્ ॥૧૪૨